શ્રી

જુગતંબાસ્તવન.

અંક તેરમો.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર,
નડીયાદ નિવાસી-નાગર સાઠોદરા,
માણેકલાલ લલ્લુભાઇ મહેતા.

અમદાવાદ.

રીચીરોડના પુલ નીચે મકાન નં ૧૦૦-૧૦૨ મા આવેલા શ્રી
જૈન વિદ્યાવિજય પ્રેસમા રા૰ ચુનીલાલ અમથાશાએ છાપ્યા

સંવત ૧૯૭૧. પ્રત ૫૦૦ સને ૧૯૧૫.

(મફત.)

॥ શ્રી ॥

જુગતંબા સ્તવન.

દોહરો.

બાર સ્તવન પુરાં કરી, હુ લાગ્યો તમ પાય,
પણ ગુણ ગાવા તાહરા, અધીક ચીત ઉભરાય;
માટે સ્તવન રચ્યું તેરમું, કરજે મા સ્વીકાર,
વીશ્વાધીપતી હુ નમું, તું આનંદ દેનાર.

ગણપતીની સ્તુતિ.

ગીતીવૃત્ત.

જય જય જય ગણરાયા, જગત બધામાં પ્રથમ પુજા ત્હારી;
સ્તવન તેર રચવાને, શુભ મતી દેજો હે સુત ત્રીપુરારી.

સરસ્વતીની સ્તુતી.

દોહરા.

નમુ માત સરસ્વતી તને, બ્રહ્મતનયા સુખદાય,
સ્તવન તેર રચવા મને, કરજે મા તું સાહ્ય;
સ્વારી હંસ તણી કરી, પુસ્તક કર લેઇ માય,
શુભ વાણી દો ઇશ્વરી, ગાવા ગુણ અંબાય.

ગરબી રાગ-સોરઠ તાલ દીપચંદી.

સામુ જુઓ ન્યાળીરે, સામુ જુઓ ન્યાળી, અંબા મ્હારી-એ રાગ.

વ્હારે વળો વેહેલીરે, વ્હારે વળો વ્હેલી, અંબા મ્હારી.
જેવો તેવો તુજ દાસ કહેવાયો, છો છબીલી છેલી. અં.
બાંહ્યગ્રહ્યાની લાજ રાખજો, અભય દ્યો અલબેલી અં.
રૂક્ષમાણીજીએ કૃશ્ન વર વરવા, પુજી તને પેહેલી. અ.
મૈયા તમે શ્રી કૃશ્ન મેળવીયા, આનંદની થઇ એહેલી. અં.
મ્હારે આ જગમા તુજ વીણુ મૈયા, કોઇ નથી બેલી. અં.
માણેકલાલ દીન અરજ કરે છે, ચરણે શીશી મેલી. અ.

શુકુંજયંતીના નાટકનો રાગ

સખી પ્રેમપાઠ સીખજો સીખાવજોરે, પ્રીયા પ્રાણને. એ રાગ.

સખી અબે નામ બોલીને બોલાવજોરે, રાખી સાથને.
ગરબે અબેના ગુણલા ગવરાવજોરે, સખી સાથને.
સઉ આનંદી થઈ તાળી લેઇ, અંતરના ઉભરા છલકાવજોરે. સ.
હેતે હળી મળી સર્વ, જગતમાતાને રીઝાવજોરે સખી.
ગાઇ ગીત રૂડાં મુખ મલકાવજોરે. સખી સાથને.
અંતર અંબાના નામને દીપાવજોરે. સખી સાથને.
પ્રેમે પ્રેમરસ પીજોને પીવરાવજોરે સખી સાથને.
માણેકલાલ કહે અંબાને શીશ નમાવજોરે. સખી સાથને.

પદ રાગ–ખમાયચી જીલ્હો ત્રીતાળ.

પરમાત્મા પરીપૂર્ણ પ્રભુ પરમેશ્વરને હું પ્રણામ કરૂં. એ રાગ.
આધશક્તી પરમેશ્વરી અંબા, નીત્ય નમી હું પ્રણામ કરૂં;
મંગળમય છે નામ તમારૂ, મુખ થકી હુ નીત્ય ઉચરૂં. આ. ૧
દર્શન તેડો દયાળી મૈયા, પાય પાડી કર પસરૂં;
નેનાગ્રતે મા તમને નીરખી, હરખી હૃદય નીત્ય ધ્યાન ધરૂં. આ. ૨
ષોડસોપચારે પુજન કરીને, જનમારો મુજ સફળ કરૂં;
તુજ ચરણ રજ કુમકુમ કરી, આસીકા લેઇ મુજ શીશ ધરૂ. આ ૩
નીત્ય નીત્ય દરશણ દેજો મૈયા, ચીત થકી કદી ના વીસરૂ;
બાંહ્યગ્રહ્યાની લાજ રાખજો, આનદે હુ સ્તવન કરૂ. આ ૪
તુજ શક્તી છે જળસ્થળ સઘળે, ઝાડ પહાડ પાશાણ તરૂ;
સૂર્ય ચદ્ર ગ્રહ ગગન પ્રકાસે, અગણીત તારા તેજ ખરૂ. આ. ૫
તે સઉ ઠામે વાસ તમારો, તુજ કૃતીને હું શું વીસ્તરૂ;
ગહનગતી મંમાયા તમારી, ચરણ નમી હું વીનતી કરૂ. આ. ૬
મનવાછીત ફળ ભક્તને દેતા, તુજ મહીમા હું શું વીસ્તરૂં,
માણેકલાલ છે દાસ તમારો, તુજ લીલાનું ગાન કરૂં; આ. ૭

જનોઇમાં માતાજીને તેડવાની કંકોત્રી.

રાગ–પુનમ ચાંદનીનો

સ્વસ્તી શ્રી આરાસુર અબેમાત બીરાજતાં રે,
લખુ કકોતરી કુંકુમ અક્ષત સગાથ;
હેતે વેહેલેરાં પધારો મુજ ઘેર અંબીકારે,

સાખી.-અણુપત રીદ્ધ સીદ્ધ લેઇને, સરસ્વતી બ્રહ્મ તનયાય;
વારાહી ખોડીયારને, અજાઇ બહુચરમાય.
સાથે શીવ ઉમયા ને અષ્ટમા સીદ્ધી લાવજોરે;
ભૈરવ ખેચર લાવો રક્ષણ કરવા કાજ. હેતે વેહે ૧
સાખી-અનપુર્ણા આનદશી, મા આવો મુજ ઘેર;
ભંડાર ભરો ભક્તના, માજી કરીને મહેર.
મ્હારે તમથી વ્હાલુ આ જગમાં મા કોઇ નથીરે;
માટે વેહેલાં આવો જોઉ તમારી વાટ. હેતે વહે. ૨
સાખી-આવી બેસો મંડપે, હરખે વધાવું માત;
ચરણે નમુ પરમેશ્વરી, જોડીને બેઉ હાથ.
આપી જનોઇ જગ જસ દેઇ કાર્ય સુધારવારે,
આવો મુજ ઘેર મૈયા પુરણ કરવા આશ. હેતે વહે. ૩
સાખી.-મનવાંછીત દેનાર છો, અરજ ધરો ઉરમાંય;
દોષ ના જોશો દાસના, આવી કરજો સાહ્ય.
મ્હારે આશ્રય આ અવસરમાં અબા તાહ્યરોરે,
આવી બાહ્યગ્રહ્યાની રાખો માજી લાજ. હેતે વહે. ૪
સાખી.-ભક્તતણી કંકોતરી, વાંચી થયાં તઇયાર;
બહુચર આદ્ય સઉ સાથશું, રથ કુરકુટ થઇ સ્વાર.
આવ્યાં મૈયા મુજ ઘેર કુમકુમ પુષ્પે વધાવીયાંરે,
નીરખી સ્નેહે મ્હેંતો મા માસીની જોડ,
રૂડા અવસરે અલબેલી અંબા આવીયાંરે.
સાખી-દંડવત પ્રેમે કરી, નમીયો માને પાય;
પધરાવ્યાં મ્હેં પ્રીતથી, મંડપમાં માય.

બેઠાં ઓરડે અનુપુર્ણા અતી આનંદમાંરે,
પુજ્યાં કુમકુમ અક્ષતે ધ્યાન ધરી મનમાંહ્ય   રૂડા. ૧

સાખી–ધુપ દીપ ઉજવળ કરી, હરખે ધરાવી થાળ;
આરોગ્યાં સઉ સાથસુ, ભક્તતણાં પ્રતીપાળ.

કીધી આરતીને મ્હેં નીરખ્યા માને નેહુથીરે,
પાએ નમી નમી વંદન કરીચું વારમવાર.   રૂડા. ૨

સાખી–અંબા કહે તુજ ઓરડે, ભર્યા અખુટ ભંડાર;
દ્રવ્ય અપરમીત મ્હેં ભર્યું, રીદ્ધ સીદ્ધ અપરંમપાર.

તું તો વાવરજે શુભ કામે અરભક માહ્યરારે,
મેંહે તો આવી સુધાર્યા ત્હારા સઘળા કામ.   રૂડા. ૩

સાખી–આપુ છું સુખ સંપતી, કરજો લીલા લેહેર;
જે ભજસે મને ભાવથી, તે પર કરૂં હું મેહેર.

એમ આનંદ દેઈ પધાર્યા સઘળા સાથશુંરે,
નીજ નીજ સ્થાનકે સઉ આરાસુર ભણી જાય   રૂડા. ૪

સાખી–નીશદીન આ કંકોતરી, સીખી સુણી જે ગાય;
અંતર આશા પુરશે, અલબેલી અંબાય.

માણેકલાલને મૈયા અવીચળ વાણી આપજોરે,
રહીને નડીયાદ મધ્યે ગુણ તમારા ગાય.   રૂડા. ૫

ગરબી.

રઘુપતી રામ રૂદેમાં રહેજોરે–એ રાગ.

માતાજીના આઠ વાર

આનંદ મને આપજો અલબેલીરે,
આરાસુરમા અંબા તું વસેલી,
આનંદ મને આપજો અલબેલીરે.   આનંદ. ૧

આદીતવારે અખંડ જયોત ઝળકેરે,
બેઠાં સીંહાસને મુખ મલકેરે;
માના મુગટમાં હીરલા ચળકે. આનંદ. ૨
સોમવારે વસ્યાં સઉ ઠામેરે,
તરે પ્રાણી અંબા ત્હારે નામેરે,
ત્હારા દરસનથી દુખ વામે. આનંદ. ૩
મંગળવારે મહીશાસુર મારીરે,
માર્યો હહીતો ત્રીશુળ કર ધારીરે,
વેદ નેતી નેતી કહી ઉચ્ચારી. આનંદ. ૪
બુધવારે બાળા બળવતીરે,
ભક્ત કાર્ય કરો ભગવતીરે,
જગત જનુની તમે જસવતી. આનંદ. ૫
ગુરૂવારે ગાયત્રીજી ગાજોરે,
ગરૂડે બેસી સીંહાસને રાજોરે;
નીજ ભક્તની રાખતા લાજ. આનંદ. ૬
શુક્રવારે શત્રુને સંહારોરે,
અપરાધ ક્ષમા કરો મ્હારોરે;
બાંહ્યગ્રહ્યાની લાજ વધારો. આનંદ. ૭
શનીવારે તો શુભ ગુણ ગાવુંરે,
અંબા શરણે તમારે હું આવુંરે,
ત્હારે ચરણે મા શીશ નમાવું. આનંદ. ૮
સાતવાર ગાએ શુભ પેરરે,
ત્હેને અંબા આપે લીલા લેહેરરે;
માણેકલાલ વસે નડીયાદ શેહેર. આનંદ ૯

ગરબી.

સાંભળરે તુ સજની મારી રજની ક્યાં—એ રાગ.

જયજય અંબે વીશ્વ વીધાતા, શરણાંગત પ્રતીપાળીજી;
કર જોડી હું વીનતી કરૂં છું, આનંદ ઘો મતબાલી.
નમુ તુજ ચરણેજી. ૧
વીમળ વણીકને સાહ્ય કરી ત્હેં, રંકનો કર્યો રાયજી;
અઉચારંતાં નવનીદ્ધ રીદ્ધસીદ્ધ, આપી તમે મમાય. ન. ૨
રૂક્ષમાણીજીએ કૃષ્ણવર વરવા, પુજી તને મા પેહેલીજી.
મૈયા ત્હેને શ્રીકૃષ્ણ મેળવીયા, આનંદની થઇ એહેલી. ન ૩
ઇંદ્ર અમરની અરજ સુણી ત્હેં, સીંહ ઉપર કરી સ્વારીજી;
શુંભ નીશુંભ રક્તબીજને આદ્યે, મહીશને નાંખ્યા મારી. ન. ૪
મનવાછીત ફૂળ ભક્તને દેતા, મ્હારે વળો બીરદાળીજી;
જગતજનુની જસ તુજ ગાવા, વાંણી દેજો રસાળી. નમુ. ૫
ભવાંની નીજ ભક્તની લેતા, પળપળ મા સંભાળીજી;
આનંદ મંગળ દેતા ત્હેને, દીન જનની પ્રતીપાળી. નમુ. ૬
રંક ભક્ત હું ત્હારો કેહેવાયો, ટાળો ત્રીવીધીના તાપજી;
દરસન દેઇને મૈયા મ્હારી, હરજો સઉ સંતાપ. નમુ. ૭
માણેકલાલને જાણી તમારો, કરજો માજી મેહેરજી,
દોષ ના જોશો માત દયાળી, વસુ છું નડીયાદ શેહેર. નમુ. ૮

ગરબી.

રાગ ગુરૂ ગોવીંદ ગરબાનો

ચાલો આરાતેસુરની માહ્ય, દરસન કાજેરે,
જ્યાં જગ્ત જનુની માત, અંબે બીરાજેરે. ૧

નમુ પ્રથમે ચાચર માંહ્ય સનમુખ જઇએરે;
હરખી નીરખી ઉરમાંય, નેનાંમ્રત લેઇએરે. ૨
ડંડવતે કરીને પ્રણામ, ધ્યાન ધરીનેરે;
ઉરની કહીએ સઉ વાત, અરજ કરીનેરે ૩
મા દીનજનની પ્રતીપાળ, દયા ઉર લાવેરે;
ભકત સંકટ વખતે એજ, વ્હારે આવેરે. ૪
બેઠા સીંહાસન જગમાય, જયોતો ઝળકેરે;
સજીયા સોળે સણુગાર, મુખડુ મલકેરે. ૫
પેહેર્યા મુગટ રત્ન જડાવ, હીરલા ચળકેરે;
દામણીઓ દીસે કપાળ. મોતી લળકેરે. ૬
કુમકુમ કેસરની આડ, ભાળ બીરાજેરે;
જોઈ મુખની શોભા માત, કોટી શશી લાજેરે. ૭
માએ એરીંગ પેહેર્યા કાન, હીરે જડેલાંરે;
ચળકે બહુ દેછે પ્રકાશ, રત્ને મઢેલાંરે. ૮
ઉર ધરીયા મોતીના હાર, લીલમ પ્રવાળારે;
હીરાકઠી ચળકે અપાર, મોહનમાળારે. ૯
વળી પેહેર્યા એકાવળ હાર, સોના દોરોરે,
મુસ્તકપર મા અબાય, મોતી તોરોરે. ૧૦
ચેણુમાળાને ચંદનહાર, નવસર ધરીયારે;
ચંપક કળી ઘુઘરી અપાર, ચીત્ર ચીતરીયારે. ૧૧
માને ઝુમણુ ને જવાળી, ઉરપર લેહેકેરે;
જાઇ જુઇ ચંબેલીના હાર, મોગરો મેહેકેરે. ૧૨

ચુડી બંગડી કંકણી હાથ, ગુજરીયો શોભેરે.
કડાં સાંકળાં મોતીના વાંક, જોઇ મન લોભેરે. ૧૩
આંગળીએ અગુઠી વેઢ, વીંટીઓ સારીરે,
નીરખી દીલ મુજ હરખાય, જાઉં બલીહારીરે ૧૪
માને નેપુર ઝળકે પાય, ઘુઘરા ઘમકેરે,
ફુલ સાકળાંનો ચળકાટ, ઝાંઝર ઝમકેરે. ૧૫
એવાં દરસન નીત્યે દેઇ, હૃદય મુજ રહેજોરે,
તુજ ગુણુલા ગાવા માત, બુદ્ધી દેજોરે. ૧૬
મુજ શત્રુનો કરો સંહ્હાર, ત્રીશુળ કર ધારીરે;
મને સુખીયો કરજો માત, હેત વધારીરે. ૧૭
ગરબો શણુગારનો ગાય, નીરમળ નારીરે,
ત્હેને અબા આપે સુખ, નવનીદ્ધ સારીરે. ૧૮
માણેકલાલનું તો ચીત, ચરણુ તુજ રહેછેરે,
ગુજરાતે નડીયાદ શેહેર, તેમાં રહેછેરે. ૧૯

ગરબી.

ગરૂડ ચઢી આવજો ગીરધારી–એ રાગ.

સીંહ્હે ચઢી સાહ્ય કરો અલબેલી,
હાં હાંરે આરાસુરમાં આનંદની એહેલી સીં. ૧
„ વીમળ વણીકને કરૂણારે કીધી,
„ ગાય ચારતાં ભરી નવનીદ્ધી.
„ તેને અલખત રીદ્ધ સીદ્ધ દીધી. સીં. ૨

હાંહાંરે અક્ષેચંદની અરજ ઉર ધારી,
,, ઉદધીથી વહાણુ દીધાં તારી;
,, વ્હારે ધાયાં ત્રીશુળ કર ધારી. સીં. ૩
,, રૂક્ષમાણી રાય ભીમક કુમારી,
,, પ્રથમ પુજા કીધી મા તમારી,
,, વર મેળવ્યા ક્રક્ષ મોરારી, સીં. ૪
,, નારીનો નર તમે મા કીધો,
,, જગ્તમાં જસ બહુચર લીધો,
,, પુરશાતન આપી સુખીયો કીધો. સીં ૫
,, દેવ સરવે આવ્યા તુજ પારે,
,, કહ્યુ મહીશાસુર અમનેરે મારે;
,, અરજ સુણી ધાયાં ત્હેની વ્હારે. સી. ૬
,, માર્યો મહીશને ચુડમુંડ ચોળ્યા,
,, રકતબીજને રણમાહ્ય રોળ્યા,
,, ઘણા દહીતોને રડે રગદોળ્યા સી. ૭
,, એવાં કાર્ય કર્યા તમે દેવી,
,, શીવ વીશ્નુ વીરચીએ સેવી,
,, અંબા નથી તુ જેવી તેવી. સી. ૮
,, ભકતનાં કાર્ય કરતાં કૃપાળી,
,, જગ્તમાં તો અંબા તને ભાળી,
,, બીરદ પાળો તમે બીરદાળી, સી. ૯
,, મ્હારે આશરો ઓથ તમારી,

,, સરણે આવ્યો ચઢો વ્હારે મ્હારી,
,, હું તો રાખું છું આશ તમારી. સીં ૧૦
,, માણેકલાલ તો કર જોડી કેહે છે,
,, ગુજરાતમાં નડીયાદ રહે છે,
,, ચીત ચરણાંબુજે માને દે છે. સીં. ૧૧

ગરબી.

રાગ ઉપરનો

માતાજીના આઠ વાર

સીંહાસને શોભતાં મતવાલી,
હાં હાંરે સાહ્ય કરજો આરાસુર વાળી. સીં. ૧
,, આદીતવારે અખંડ જ્યોત ઝળકે,
,, વાઘ સ્વારી કરી મુખ મળકે;
,, માના મુગટમાં હીરલા ચળકે. સી. ૨
,, સોમવારે નદીએ સવારી,
,, બેઠા રૂદ્રાણી અતી બળધારી;
,, માની કાન્તી દીસે બહુ સારી સી. ૩
,, મંગળવારે સીંહે કરી સ્વારી,
,, મહીશાસુરને નાંખ્યો છે મારી;
,, સુર સઉની અરજ ઉર ધારી. સી ૪
,, બુધવારે બહુ ગુણવતી,
,, બેઠા હસ્તીએ મા બળવતી;
,, ભક્ત ભીડ ભાગે ભગવંતી. સી. ૫

,, ગુરૂવારે ગરૂડે બીરાજો,
,, વૈષ્ણવી લક્ષ્મી ગોખમાં આજો;
,, ભકતની વ્હારે વેહેલાં ધાજો. સી ૬
,, શુકરવારે હુસે સ્વારી કરતાં,
,, નીજ ભકતો જે નવનીદ્ધ ભરતા,
,, ત્હેનાં દુખ સકળ માજી હરતાં. સી. ૭
,, શનીવારે શોભા બહુ સારી,
, સરસ્વતી મોરે કીધી છે સ્વારી,
,, જગતજનુની ત્હારી બલીહારી. સી. ૮
,, સાત વાર સ્વારીના જે ગાશે,
,, ત્હેના દુખ દાળીદર જાશે,
હા હાંરે—માણેકલાલની પુરજો મા આશે સી. ૯

ગરબી.

ઈંગ્રેજ રાજમાંરે, બ્રીટીશ તાજમાંરે—એ રાગ.

આરાસુરમાંરે, માત હજુરમારે, ચાલો દરસન કરવા જઇએ;
મા મતબાલી છેરે, દીનદયાળી છેરે, ત્હેની પુજાનુ સુખ લેઇએ,

સાખી

સાળ કૃત સીંહ્‌હાસને, બીરાજયાં જગમાય,
સીહ્‌હુ ઉપર સ્વારી કરી, ભકતની કરતાં સાહ્ય.
નઇણે નીરખીએરે, હઇડે હરખીએરે, ચાલો દરસન.

સાખી

શીવ વીધી વીશ્નુ સરજીયા, ઇદ્રાદીક સઉ દેવ;
સ્તવન કરે સઉ આવીને, પાય નમે અહમેવ.

એવાં માતનાંરે, વશ્વ વીક્ષાતનાંરે, ચાલો દરસન.

સાખી

ચાચર છે સોહામણો, ફરતાં દુખ સઉ જાય;
માણેકલાલ તમ ચરણમા, નમીને ગુણલા ગાય.
આનંદ આપતાંરે, દુખ સઉ કાપતાંરે, ચાલો દરસન.

ગરબો.

રંગ તાળી રંગ તાળીરે, રંગમાં રંગ તાળીરે—એ રાગ.

ગુણ ગાવુ ગુણ ગાવુ, અંબા તારા ગુણ ગાવુરે.
હાંરે તુ તો ભકતો મનમાં ભાવુ, અંબા તારા
„ સદા આનંદ ભકતને દેતી, અંબા તારા.
„ ત્હેંના દોરા નજર નવ ટોતી, અંબા તારા.
„ ત્હેતો મહીશાશુર આદ્યે માર્યા, અંબા તારા.
„ સુર તેત્રીસ કોટી તાર્યા, અંબા તારા.
„ વણીક વીમળને કરૂણા કીધી, અંબા તારા.
„ ગઉ ચારતા રીદ્ધ સીદ્ધ દીધી, અંબા તારા.
„ આદ્ય સ્થાનક ગબ્બર ગઢ સારો, અંબા તારા.
„ ત્યાં તો વાસ છે માજી તમારો, અંબા તારા.
„ મરમાળી છે સુરતી ત્હારી, અંબા તારા
„ ત્હારા ચાચરની બલીહારી, અંબા તારા
„ તમે આનંદ મંગળ દાતા, અંબા તારા.
„ માણેકલાલ માજી ગુણ તુજ ગાતા, અંબા તારા.

ગરબી.

૧ કામણગારોરે, સાહેલી આતો કાનુડો–એ રાગ.

ધ માયા આદ્ય રાયારે, દયાળી અંબા આદ્ય માયા.

પાદ્ય માયા આદ્ય રાયા, જગત બધાની જાયા;
અખંડ આનંદદાયારે, દયાળી અંબા આદ્ય
અકળીત ત્હારી માયા, જગતમાં જસ ગાયા;
ભેદ કોઈ નહી પાયારે, દયાળી અંબા આદ્ય
ત્રીપુરા ત્રીશુળાધારી, સીંહઉપર કરી સ્વારી;
અસુરોને નાખ્યા મારીરે, દયાળી અંબા આદ્ય.
ચંડમુંડ નાખ્યા ચોળી, રકતબીજ રણ રોળી,
મહીષાને માર્યો ખોળીરે, દયાળી અંબા આદ્ય.
દેવના ત્હેં કીધાં કામ, દઈતોના ટાળ્યા ઠામ;
દુનીયામા રહ્યા નામરે, દયાળી અંબા આદ્ય.
શરણની પ્રતીપાળ, ભકતોની ત્યો સંભાળ;
વીનવે છે માણેકલાલરે, દયાળી અંબા આદ્ય.

દોહરો.

તેર સ્તવન પુરાં થયા, ત્હેં કીધુ સઉ કામ;
ચતુરદશ લખતાં મને, મૈયા તું દે હામ.

સમાપ્ત.

જાહેર ખબર.

સરવે સદગ્રહસ્થોને ખબર આપવામાં આ
વે છે કે શ્રી જુગતંબા સ્તવનના બાર ભાગની
ચોપડીઓ જેમાં નાટકના રાગના ગરબા, છંદ
તથા રાગરાગણીથી ભરપુર છપાયલી છે તે મફત
આપીએ છીએ. તે મળવાનું ઠેકાણુ :—

કર્તા પાસેથી

અરજનલાલની લીમડી પાસે

મુ. નડીયાદ.